# મજાની સુગંધ

**– અનંત શુક્લ**


ઘણા વર્ષો પહેલાની વાત છે. એક જંગલમાં માતંગ ઋષિ રહેતા હતા. તેમણે અનેક સિદ્ધિઓ મેળવેલી હતી. તેમની સિદ્ધિઓથી આકર્ષાઈને દૂર દૂરથી ઋષિ–મુનિઓ અને બ્રહ્મચારી યુવકો તેમના શિષ્ય બનવા માટે આવતા હતા અને વધુમાં વધુ સમય મહર્ષિ પાસે ગાળતા હતા.

ત્યાં કોઈ અસત્ય નહતું બોલતું. કોઈ પાપ નહતું કરતું. બધા ઈશ્વરની પ્રાપ્તિ માટેના પ્રયત્નોમાં લીન રહેતા હતા. ખૂબ જ પવિત્ર વાતાવરણ માતંગ ઋષિના આશ્રમનું હતું.

ઉનાળાનો છેલ્લો મહિનો ચાલી રહ્યો હતો. સૂર્ય આગની જેમ વરસી રહ્યો હતો. માતંગ ઋષિ જાણતા હતા કે હવે પછીના મહિનાથી વરસાદ પડશે. તેથી સૂકાં લાકડાં ભેગાં કરી લેવાં જોઈએ. પરંતુ ભયંકર ગરમી જોઈને એમણે વિચાર્યું. આટલી બધી ગરમીમાં હું મારા શિષ્યોને નહિ મોકલું. તેઓ પોતે કુહાડી હાથમાં લઈને લાકડાં કાપવા ચાલી નીકળ્યા. ગુરુને આ રીતે જતા જોઈને શિષ્યો જંગલમાં પહોંચ્યા. જમીન ગરમ લ્હાય જેવી હતી અને સૂર્ય આકાશમાંથી આગ વરસાવી રહ્યો હતો. બધાંએ લાકડાં કાપી ભારીઓ બનાવી અને પોતપોતાના માથા પર મૂકી. બધાંના શરીરમાંથી પરસેવો નીતરી રહ્યો હતો. ચહેરા લાલ ચોળ થઈ ગયા હતા. પરંતુ કોઈપણ દુઃખનો અનુભવ કર્યા સિવાય આનંદથી તેઓ આશ્રમે પહોંચ્યા. ઋષિઓના શરીર પરથી નીતરતો પવિત્ર પરસેવો જમીન પર ટપકી રહ્યો હતો.

બીજા દિવસે માતંગ ઋષિ ઊઠયા અને નદી તરફ ચાલ્યા. બધા શિષ્યો અને ઋષિઓ પણ તેમની પાછળ પાછળ ચાલ્યા. કોણ જાણે કેમ પણ આજે હવામાં એક અપૂર્વ દિવ્ય સુગંધ ફેલાઈ રહી હતી.

બધા એકબીજાને પૂછવા લાગ્યા કે આ કોઈ ફૂલની સુગંધ છે કે શું ? એટલી મોહક સુગંધ આજ સુધી કોઈ ફૂલમાંથી નથી આવેલી.



ઋષિએ પોતાના શિષ્યોને જ્યાંથી સુગંધ આવતી હતી તે બાજુ મોકલ્યા. એમણે જોયું કે કાલે જે જગ્યાએ તેઓએ લાકડાં કાપ્યાં હતાં અને આનંદથી મહેનત કરી હતી અને જ્યાં જ્યાં તેમના પરસેવાનાં ટીપાં પડયા હતાં ત્યાં ત્યાં કોઈ નવા જ પ્રકારના અદ્ભૂત ફૂલો ખીલ્યાં હતાં.

ઋષિ માતંગે કહ્યું કે આનંદસાથે પવિત્ર કાર્ય માટે કરવામાં આવેલી મહેનતથી પરસેવાનાં જે ટીપાં પડયાં હતાં તેના પરિણામે તેમાંથી તે સુંદર પુષ્પો ખીલ્યાં હતાં.

■